અરજી નં.૧૨૭/૦૮–૦૯ તા. ૮–૮–૦૮

અરજદારઃ શ્રી કપિલ પ્રકાશચંદ્ર દવે
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વકાસ)

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી કપિલ પ્રકાશચંદ્ર દવેની તા.૧૫–૫–૦૮ની અરજી અત્રે તબદીલ થઈ તા.૨–૬–૦૮ ના રોજ મળેલ.જેમાં રાજયમાં શહેર દીઠ ગેરકાયદેસર મિલ્કતોની સંખ્યા, સદર મિલ્કતોની બજાર કિંમત, રાજય સરકાર પાસે માહિતી ન હોય તો કયા કારણોસર ,રાજય સરકાર પાસે રાજયમાં આવેલ ગેરકાયદેસર મિલ્કતો રોકવા વિશેષ નિતી છે? કે વિચારણા હેઠળ છે ,રાજયમાં ગેરકાયદેસર મિલ્કતો અટકાવવા માટે કેન્દ્રીય મોનિટરીંગ સિસ્ટમની વ્યવસ્થા છે? જો નથી તો શરૂ કરવા વિચારણા છે? વિગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૮–'૦૮ ના રોજ મળેલ તા.૧૪–૭–૦૮ ની તારીખ ધરાવતી શ.વિ.વિભાગ ગાંધીનગરના તા.૮–૮–૦૮ ના પત્રથી અત્રે મોકલેલ અપીલ અરજી નં.૧૨૭/૨૦૦૮–૦૯

શ્રી કપિલ પ્રકાશચંદ્ર દવેની તા.૧૫–૫–૦૮ની અરજી અત્રે તબદીલ થઈ તા.૨–૬–૦૮ ના રોજ મળેલ રાજયમાં શહેર દીઠ ગેરકાયદેસર મિલ્કતોની સંખ્યા ,સદર મિલ્કતોની બજાર કિંમત, રાજય સરકાર પાસે માહિતી ન હોય તો કયા કારણોસર? રાજય સરકાર પાસે રાજયમાં આવેલ ગેરકાયદેસર મિલ્કતો રોકવા વિશેષ નિતી છે? કે વિચારણા હેઠળ છે? રાજયમાં ગેરકાયદેસર મિલ્કતો અટકાવવા માટે કેન્દ્રીય મોનિટરીંગ સિસ્ટમની વ્યવસ્થા છે? જો નથી તો શરૂ કરવા વિચારણા છે? વિગેરેની માહિતી આપવા બાબતે આંશિક માહિતી પૂરી પાડવાના કારણસર નારાજ થઈ એપેલેટ ઓફિસરને સંદર્ભમાં જણાવેલ પત્ર અન્વયે અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને આંશિક ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૪૪ તા.૨૫–૮–૦૮થી તમામ ઝોન અનેડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન આરટીઆઈ/આ.નં.૬૧ તા.૨૩–૭–૦૮ થી ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૩૮ તા.૨૦–૮–૦૮થી ગેરકાયદેસર મિલ્કતોની સંખ્યાની માહિતી અરજદારને પૂરી પાડેલ છે. ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ટીડીઓ/૧૧૮૭ તા.૨૫–૬–૦૮ ગેરકાયદેસર દર્શાવતું પત્રકની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે પરંતુ તેની વિગતો અત્રેના વિભાગને આપેલ નથી.અન્ય ઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડેલ હોવાની કોઈ વિગતો અત્રે મોકલવામાં આવેલ જણાયેલ નથી. કે તે અંગે ઈન્કાર પણ કરવામાં આવેલ નથી. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૪ અને ૫ અંગે ગેરકાયદેસર મિલ્કતો અંગે વિશેષ નિતિ છે? નથી તો આ માટે કોઈ વિચારણા છે તે અંગે કેન્દ્રીય વ્યવસ્થા કે મોનિટરીંગ સિસ્ટમ વ્યવસ્થા છે કે શરૂ કરવા અંગે કોઈ વિચારણા છે તેવા આધાર જણાવી અપીલ અરજી કરેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૫–૫–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી અરજદારને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન,લીંબાયત ઝોન, અને શહેરી વિકાસ કક્ષાએથી મુદ્દા નં.૧ અંગેની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે અપીલ અરજીના મુદ્દા નં.૪ અને ૫ ની માહિતી અપાયેલ જણાતી નથી.જે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ સમાવિષ્ટ થતી માહિતી જણાય છે. જયારે સેન્ટ્રલ ઝોન, કતારગામ ઝોન,વરાછા ઝોન, અઠવાઝોન, ઉધનાઝોન તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ નથી. જેથી આંશિક માહિતી પૂરી પાડેલ જાહેર માહિતી અધિકારીઓને મુદ્દા નં.૪ તથા ૫ અંગે તથા માહિતી નહીં પૂરી પાડેલ માહિતી અધિકારીઓને મુળ અરજીથી માંગેલ માહિતી સંદર્ભ હેઠળના તમામ જાહેર માહિતી અધિકારીઓએ આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસરી કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,(શહેર વિકાસ) તથા તમામ ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારીશ્રીઓને,...... જાણ તથા અમલ માટે

(૨) શ્રી કપિલ પ્રકાશચંદ્ર દવે,